સ્પે. ઈલે. દિ.મુ. નં. ૯૮૯/૨૦૧૫

**–: આંક–૧ લગત હુકમ :–**

---

આજરોજ પોકારતાં વાદીના વિ.વ.શ્રી હાજર છે. રેકર્ડ જોતાં પ્રસ્તુત દાવો દાખલ થયો ત્યારથી પ્રતિવાદીના જરૂરી સરનામાના અભાવે સમન્સ બજેલ ન હોય આ કામ ત્યારથી જ સમન્સ બજવાના સ્ટેજ ઉપર છે. પ્રતિવાદીને જણાવેલ સરનામે કોઈ ઓળખી બતાવતુ નથી તે મતલબના શેરા સાથે પરત ફરેલ છે. વધુમાં રેકર્ડ જોતા એક કરતા વધુ વખત દાવા સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે અને દરેક વખત જણાવેલ પ્રતિવાદીને કોઈ ઓળખી બતાવતુ નથી તેવા કારણસર સમન્સ વગર બજે પરત ફરેલ છે. વાદીના વિ.વ.શ્રીએ કરેલી દાવા અગાઉની નોટીસ પણ વગર બજે પરત ફરેલી છે. વધુમાં જરૂરી સરનામુ રજુ કરવા અને સમન્સ બજાવવા માટે પુરતી તક આપવામાં આવેલી છે. તેમ છતાં વાદી તે પ્રતિવાદીને સમન્સ બજવણી માટે જરૂરી નવું સરનામું રજુ કરી શકેલ નથી. વળી, રેકર્ડ જોતાં છેલ્લા કેટલાય સમયથી ન્યાયના હિતમાં વાદીને મુદત આપવામાં આવેલી છે. વાદી તરફથી સરનામુ રજુ કરવા માટે કોઈ મુદત રીપોર્ટ પણ રજુ થયેલા નથી. વધુમાં વાદીના સંબંધિત અધિકારી સાથેની લોક–અદાલત બાબતની મીટીંગ વખતે પણ પી.જી.વી.સી.એલ. દવારા દાખલ કરવામાં આવેલા દાવાઓ જરૂરી સરનામાના અભાવે સમન્સ બજવણી થઈ શકતી નથી. માટે, આ બાબતે કાળજી લઈ સમયમર્યાદામાં નવા સરનામા રજુ કરવા સુચના આપેલી છે. વધુમાં અત્રેની કચેરીએ કાર્યપાલક ઈજનેરશ્રીનું પણ લેખીતમાં ધ્યાન દોરેલ છે તેમ છતાં પણ વાદી નવું સરનામુ રજુ કરવામાં નીષ્ફળ નીવડેલ છે અને ત્યારબાદ નવુ કોઈ સરનામુ રજુ કરેલ નથી. આમ, આ સંજોગોમાં વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૫ પ્રમાણે ડીસમીસ કરવા સીવાય કોઈ વિકલ્પ બચતો ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**: હુ ક મ :**

વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૫ પ્રમાણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તારીખ : ૯મી, માહે એપ્રિલ : સને–૨૦૧૯ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી અને સિકકો મારી જાહેર કર્યો.

તા.૦૯/૦૪/૨૦૧૯
સ્થળ : ઉના

(એસ.એલ.ઠકકર)
સ્પેશ્યલ જજ (ઈલેકટ્રીસીટી) અને
ચોથા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,ઉના.
(કોડ નં.જીજે–૦૦૫૮૮)